**અમદાવાદના મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૭**

ફરીયાદી:- ધી સ્ટેટ ઓફ ગુજરાત.

વિરુધ્ધ.

આરોપી: અર્જુનભાઈ મધુભાઈ ઠાકોર

કલમ: પ્રોહી.૬૬(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી) ,૮૧ મુજબ.

બાબત:ક્રિમી.પ્રોસી.કોડ કલમ: ૩૨૧ મુજબ ફોજદારી કેસ પરત ખેંચવાની અરજી.

મહેરબાન સાહેબ શ્રી,

સવિનય સહ આપ નામદાર સાહેબને જણાવવાનુ કે, મે. જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનાએ તેમના તા.૧૨/૧૨/૧૯ ના પત્ર નં. ડીસી/સીટીઝેડ/મેટ્રોકોર્ટ /લોકઅદાલત/ડોરમેટ કેસ પરત/૨૦૧૯ થી સદર કેસ ડોરમેટ હોય સબંધીત એ.પી.પી.શ્રી તરીકે અમોને આ કેસ આપ નામદાર સાહેબની કોર્ટમાંથી પરત ખેંચી લેવા મંજુરી આપવામાં આવેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને આરોપી ઘણાં લાંબા સમયથી મળી આવતો નથી અને તે મળી આવવાની શકયતા પણ જણાતી નથી અને આરોપી વિરુધ્ધ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને અદાલત તથા અમો ગંભીર ગુનાના કેસો વધુ કાળજીપુર્વક ચલાવી શકીએ તે માટે અને અદાલતમાં ફોજદારી કેસોનું ભારણ ઓછુ થાય તે હેતુથી જાહેર હિતમાં આ કેસ પરત ખેંચવાની પરવાનગી આપી આ કેસ પરત ખેંચવા અંગે તે મુજબ યોગ્ય હુકમ કરવા મે. કરશોજી.

અમદાવાદ.

તા.૧૪/૧૨/૧૯.

એ.પી.પી.
એડી. ચીફ મેટ્રો. મેજી.
કોર્ટ નં.૭, અમદાવાદ.

**<u>એ.પી.પી.શ્રીની વીડ્રો પુરશીશ લગત હુકમ.</u>**

વિધ્વાન એ.પી.પી.શ્રી ત્રીવેદી ની અરજી વંચાણે લીધી તથા મે. જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદના તા.૧૨/૧૨/૧૯ થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્ર થી જિલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદને આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણાં લાંબા સમયથી કોર્ટમા ં પેન્ડીગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીગ રહેલ છે. વધુમાં, આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતું ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિધ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરું છું.

**::: હુ ક મ :::**

આથી ક્રિમી.પ્રો.કોડ કલમ:૩૨૧ અન્વયે વિધ્વાન એ.પી.પીશ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનાઓમાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

**મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

૧. બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.
રોકડ જામીનગીરી જો જમા હોય તો ફોરફીટ કરી સરકાર જમા કરાવવી.

૨. મુદ્દામાલ રોકડ રકમ જમા હોય તો જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.

૩. પોલીસે કોઈ વાહન કબજે કરેલ હોય અને તે અંગે અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ વાહન તેના રજીસ્ટર ઓનરને આર.સી. બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાતરી કરી પરત આપવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલત સ્પે. સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૧૯
અમદાવાદ.

(હિતેષ જયંતીલાલ તન્ના )
એડી ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૭
અમદાવાદ. જજ કોડ નં.જી.જે.૦૯૫૫